### સમગ્ર શહેરમાં ૩૬૫ દિવસ ૨૪x૭ પીવાનું પાણી પુરૂં પાડનારૂં

# દેશનું પ્રથમ શહેર બનશે ગાંધીનગર

**પ્રધાનમંત્રીશ્રીના ૭૦મા જન્મદિવસે ગાંધીનગર મહાનગરને મળી અનોખી ભેટ : રૂ. ૨૨૯ કરોડની પીવાનું શુદ્ધ પાણી ઘરે-ઘરે પહોચાડતી યોજનાનું ઇ-ખાતમૂર્હત મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કર્યુ : કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની દિલ્હીથી વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રેરક ઉપસ્થિતી**







ગાંધીનગર, તા.૧૭

ગુજરાતનું પાટનગર ગાંધીનગર દેશભરમાં સમગ્ર શહેરમાં ૩૬૫ દિવસ ૨૪X૭ પીવાનું શુદ્ધ પાણી ઘરે-ઘરે પહોચાડનારૂં પ્રથમ શહેર બનશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિવસે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની વીડીયો કોન્ફરન્સ દ્વારા પ્રેરક ઉપસ્થિતીમાં આ મહત્વાકાંક્ષી યોજનાનું ઈ-ખાતમૂર્હત સંપન્ન કર્યુ હતું

રૂ. ૨૨૯ કરોડના ખર્ચે આકાર પામનારી આ યોજનાથી ગાંધીનગરના નાગરિકો પરીવારોને ૨૪ કલાક પીવાનું શુદ્ધ પાણી નળ દ્વારા મળતું થશે.

ગુજરાત માટે ગૌરવશાળી એવા આ પ્રોજેક્ટનું ઈ ખાતમુહૂર્ત માટે ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે, આ યોજનામાં ગાંધીનગરના નાગરિકોની પ્રતિદિન પાણીની જરૂરિયાત ૧૫૦ લીટર ગણવામાં આવી છે જે પર્યાપ્ત છે. જેમ જેમ વસ્તી વધતી જશે તેમ તેમ પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનું પૂરતું આયોજન આ યોજનામાં કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, ગાંધીનગરનો વિકાસ એ આપણું સામૂહિક સ્વપ્ન છે. ગાંધીનગરને આદર્શ મતક્ષેત્ર બનાવવાના સઘળા પ્રયત્નો કરવાની તેમણે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે કોરોનાની મહામારી વચ્ચે પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિકાસના કામોને વેગવંત રાખ્યા છે.

તેમણે આ માટે મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને પંચામૃત પર્વ તરીકે ઉજવીને પાંચ વિકાસકામોની ભેટ ધરવા બદલ શ્રી અમિતભાઈ શાહે ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સર્વસ્પર્શી વિકાસનો મંત્ર આપીને સમગ્ર દેશને નવો માર્ગ પ્રશસ્ત કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ૨૪X૭ પાણીનો પ્રોજેક્ટ ૨૦૪૯ની માંગને ધ્યાને રાખી તૈયાર કરાયો છે : પ્રકાશ શાહ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરની ૨૪X૭ યોજના એ સૌથી નોખી યોજના છે. આ યોજના આગામી ૨૫ વર્ષથી વધુની માંગને ધ્યાનમાં રાખી કરવામાં આવી હોવાનું પાણી પુરવઠા બોર્ડના મુખ્ય ઈજનેર પ્રકાશ શાહે જણાવ્યુ હતુ.



તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યનું પાટનગર સતત વિકાસ પામી રહેલ છે અને તેની પાણીની માંગમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યુ કે હાલ ૬.૫ કરોડ લીટર પાણી અપાય છે તે વધીને ૧૧૬ કરોડ લીટર સુધી ૨૦૪૯ માં પહોંચશે તેવો અંદાજ છે અને તે રીતે આખુ ટેન્ડરીંગ કરવામાં આવ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે યોજનાનો મુખ્ય સ્ત્રોત નભોઈ હેડ વર્કસથી ગાંધીનગર તરફ આવતી એન.સી. ૧૪ બલ્ક પાઈપ લાઈન આધારિત છે. ૨૦૪૯માં શહેરની વસ્તી ૬.૭૫ લાખ અંદાજવામાં આવી છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે આ યોજનાની ક્ષમતા હાલની ૮૧ એમ.એલ.ડી. છે, વચગાળાની યોજના ૧૧૫ એમ.એલ.ડી. અને ૨૦૪૯ માટે ૧૬૬ એમ.એલ.ડી.ની છે.

શાહે જણાવ્યુ હતુ કે સરિતાઉદ્યાન ખાતે ૪૫ એમ.એલ.ડી.નો પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ સ્થાપશે. જ્યારે ચરેડી ખાતે ૩૫ એમ.એલ.ડી.નો પ્લાન્ટ સ્થાપશે. તેમણે કહ્યુ હતુ કે સરિતાઉદ્યાન ખાતે ૭ એમ.એલ.ડી. અને ચરેડી ખાતે પણ ૭ એમ.એલ.ડી. ભૂગર્ભ પાણીના ટાંકા બનાવવામાં આવશે.

આમ ૨૪૮૭ પ્લાન્ટ માટે બે પ્રકારની પાઈપલાઈનનું નેટવર્ક રહેશે. બલ્ક પાઈપલાઈન ૬૦૦ થી ૧૫૦૦ એમ.એમ. વ્યાસ એમ.એસ.પાઈપનું ૨૭ કિ.મી.નું નેટવર્ક થશે. જ્યારે લૂપ પાઈપલાઈન ૮૦ થી ૫૦૦ એમ.એસ.વ્યાસ ડી.આઈ.કે ૯ નું ૩૨૪ કિ.મી.નું નેટવર્ક થશે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર સચિવાલયનું પાર્કિંગ જોખમી બન્યું, ફલડલાઈટ નથી, ભંગાર વાહનો ખસેડાતા નથી

**સલામતી શાખાએ વારંવાર સૂચના આપી હોવા છતાં વિભાગો કંડમ વાહનો લઇ જતા નથી, સરકાર ફ્લડ લાઇટની સુવિધા કરી શકતી નથી**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના પાટનગર ગાંધીનગરના સચિવાલયનું પાર્કિંગ જોખમી બનતું જાય છે, કેમ કે સચિવાલયમાં પાર્કિંગ માટે જે ગાડીઓ મૂકવામાં આવે છે તેમાં એવી કેટલીક જૂની ગાડીઓ છે કે જે પાર્કિંગમાં જગ્યા રોકે છે. આ ગાડીઓ પર ધૂળ ચઢી ગયેલી જોવા મળે છે. સૌથી ખતરનાક બાબત એવી છે કે આ ગાડીઓમાં રાત્રે કોઈ વ્યક્તિ સ્ફોટક પદાર્થ મૂકી દે તો પણ સલામતી શાખાને ખબર પડે નહીં.

એવું નથી કે પોલીસ સ્ટેશનમાં જ કન્ડમ વાહનો વર્ષો સુધી પડ્યા રહે છે. સચિવાલયનું પાર્કિંગ પણ અજબ છે. અહીં નવી એપ્લાય ફોર રજીસ્ટ્રેશન થી લઈને ૧૯૭૦ના મોડલ પણ જોવા મળે છે. કેટલાક વિભાગોની જૂની કંડમ થયેલી ગાડીઓ ઉપાડી લેવાની સલામતી શાખાએ વારંવાર વિનંતી કરી છે પરંતુ કોઈ પગલાં લેવામાં આવતાં નથી.

નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સચિવાલયનું પાર્કિંગ વિવિધ બ્લોકથી દૂર બનાવ્યું હતું અને તેમાં પડી રહેલી વર્ષો જૂની ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી ગાડીઓ દૂર કરાવી હતી કારણ કે તેમાં ખતરો હતો. આજે ફરી પાછી જૂની ગાડીઓ કે જેને કબાડી માર્કેટમાં લઈ જવાની થાય છે તે પડી રહી છે.

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીની નજરમાં આ ગાડીઓ આવી છે કે કેમ તે ખબર નથી. સલામતી રક્ષકો આ હકીકત જાણે છે, પરંતુ વિભાગની ગાડીઓ હોવાથી તેઓ પગલાં લઈ શકતા નથી. વિભાગમાં ફાઈલ ચાલે છે તો છ મહિને તેનો નિવેડો આવતો હોય છે પરંતુ આ ગાડીઓ જીવતા બોમ્બ જેવી છે.

સચિવાલયના પાર્કિંગમાં પડી રહેલા આ કન્ડમ વાહનોનો કોઈ રણી-ધણી નથી. આ સિચ્યુએશન જૂના અને નવા સચિવાલય તેમજ ઉદ્યોગભવન એમ ત્રણેય જગ્યાએ મોજૂદ છે. ભાંગફોડિયા તત્વો માટે સોફટ ટારગેટ એવી આ ગાડીઓ હટાવી લેવાની જરૂર છે. સરકારનું ધ્યાન દોરવા છતાં વિભાગોના વડાઓ આ નાની

● અનુસંધાન પાન-૭ પર

## જુના સેકટરોમાં સવારે અને નવા વિસ્તારમાં સાંજે વરસાદ

**વરસાદે પણ જુની પાણી વિતરણ વ્યવસ્થાનુ ટાઇમ ટેબલ અપનાવ્યુ છે : વરસાદના વિચિત્ર મિજાજથી નગરજનોને અકળામણ**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ચોમાસાના પ્રારંભથી વરસાદનો મિજાજ તોફાની જોવા મળે છે. ગાજવીજ અને ગગનભેદી વિજકડાકા સાથે વરસતા વરસાદનો મિજાજ આક્રમક જોવા મળે છે તો ક્યારેક વરસાદ સેકટર મુજબ વરસે છે. આજે પણ આવો જ નઝારો જોવા મળ્યો હતો.સવારે શહેરના જુના સેકટરોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જયારે સાંજે નવા સેકટરોમાં વરસાદી સાંજ નિખરી હતી. આ સ્થિતિ વચ્ચે રેઈનકોટ અને છત્રી લઈને નિકળેલા નાગરિકો પણ બેઘડી મુંઝવણમાં મુકાયા હતા. ઝરમરિયા વરસાદ વચ્ચે શહેરમાં ઉકળાટનુ પ્રમાણ પણ વધ્યુ છે. મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો બેબાકળા બન્યા છે.

શહેરમાં ચોમાસાના પ્રારંભથી જ વરસાદનો મિજાજ આક્રમક જોવા મળે છે. બે દિવસ અગાઉ પણ શહેરમાં તોફાની વરસાદના લીધે ભારે પવન અને ગગનભેદી વિજકડાકાથી જનજીવન પ્રભાવિત થયુ હતુ વરસાદનો મિજાજ તોફાની હોવાની સાથે કયારેક સેકટર મુજબ વરસાદ વરસતો હોવાનો અહેસાસ નાગરિકો કરી રહ્યા છે. ઘણીવાર જુના સેકટરોમાં ધોધમાર વરસાદ વરસતો હોય તો ત્યારે નવા સેકટરોમાં વરસાદનો છાંટો પણ પડતો નથી. આવા સંજોગોમાં રેઈનકોટ છત્રી સાથે નિકળતા નાગરિકો પણ મુંઝવણમાં મુકાય છે. ભાદરવામાં મેઘરાજા કયારેક ભરપુર વરસતા હોય છે. તો કયારેક તડકી છાયડી વચ્ચે અલપઝલપ ઝાપટુ વરસાવી જાય છે. ગાંધીનગરમાં પણ હમણા વરસાદનો મિજાજ કાંઈક અલગ જોવા મળે છે. કેટલાક સેકટરોમાં ઉઘાડ જોવા મળે છે તો કેટલાક સેકટરોમાં વરસાદના ભારે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૪ કેસ

**ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં ૨, કલોલમાં ૪ અને માણસામાં ૪ કેસ : મહુડીમાં બે વર્ષની દિકરી કોરોનાની ઝપટમાં આવી**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૪ કેસ નોંધાયા છે જ્યારે સરકારે તેની સત્તાવાર યાદીમાં ૨૯ કેસ નોંધાયા હોવાનું જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રને સતત દોડતુ રાખ્યુ છે. જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૧૪ કેસ, દહેગામમાં ૨ કેસ, માણસામાં ૪ કેસ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામેથી ૭૧ વર્ષીય વૃદ્ધ, સાદરામાંથી ૫૮ વર્ષીય પુરૂષ, શિહોલી મોટીમાંથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાંથી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાંથી આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. જેમાં ૩૮ વર્ષીય પુરૂષ અને ૫૮ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. રાયસણ ગામેથી પણ ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી ૩૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી વધુ બે જવાન અને વાયુ શક્તિનગરમાંથી એક મળી ૩ કેસ મળી આવ્યા છે. સરગાસણણાંથી ૩૦ વર્ષીય યુવાન, ઉવારસદ ગામેથી ૩૭ વર્ષીય યુવાન તેમજ મગોડીમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બનમાં ૧ કેસ મળ્યો છે. ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે ગ્રામીણ વિસ્તારમાંથી પણ એક કેસ મળ્યો છે. ધારીસણા ગામેથી ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. માણસાના મહુડી ગામેથી એક ૨ વર્ષીય બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

## સે. ૩ ની મહિલાનું સારવાર દરમ્યાન મોત સે. ૪ ની મહિલાનું શંકાસ્પદ કોરોનાથી મોત

**શહેરમાં આજે સે. ૭ માંથી વધુ ૩ કેસ, સે. ૨૯ માંથી ૨, સે. ૨૭ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૩, ૪, ૩-ન્યુ, ૮, ૨૫, ૨૪, ૨૩ તેમજ ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૧૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૦૮૦ પર પહોંચી છે.

**શહેરમાં વધુ ૧૬ કેસ નોંધાયા**

સારવાર દરમ્યાન સે. ૩ ની એક મહિલાનું મોત થયુ છે. સે. ૪ ની એક શંકાસ્પદ કોરોના ધરાવતી મહિલાનું પણ મોત થયાની વાતે સમગ્ર શહેરમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે તેથી તંત્રમાં પણ ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. શહેરમાં કેસોની સંખ્યા પણ જે રીતે વધી રહી છે તેને લઈ કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકાઓ દૃઢ થઈ રહી છે.

શહેરમાં આજે સે. ૭ માંથી વધુ ૩ કેસ, સે. ૨૯ માંથી ૨, સે. ૨૭ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૩, ૪, ૩-ન્યુ, ૮, ૨૫, ૨૪, ૨૩ તેમજ ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે.

આજે પોલીસ ભવનના નાયબ હિસાબનીશ, સિંચાઈ વિભાગના સેક્શન અધિકારી, વિજ્ઞાન કોલેજની લેબ. આસિ., સ્ટાફનર્સ સહિતના લોકો કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

તંત્રએ આજે પણ ૬૦ થી વધુ વય ધરાવતા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ૧૨૨ વૃક્ષો ધરાશાયી

**મુખ્યમાર્ગો તેમજ સેક્ટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી દિવસો દરમિયાન વૃક્ષો આડશ બનતા રહીશોને હાલાકી**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં વરસાદી મોસમ નિખરી છે. ભાદરવામાં પણ રોજ સાંજ ઢળતા વરસાદ હાજરી પુરાવી જાય છે. જયારે આ વર્ષે ચોમાસાના પ્રારંભથી મેઘરાજા તોફાની મુડમાં જોવા મળે છે. ભારે પવન અને વિજકડાકા સાથે વરસતા વરસાદમાં નગરમાં હોર્ડિંગ્સ તેમજ સાઈન બોર્ડસ પણ જમીનદોસ્ત થયા છે. જયારે ચોમાસાના ત્રણ મહીના દરમિયાન શહેરમાં ૧૨૨ વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વરસાદી દિવસો દરમિયાન આમપણ હરિયાળા ગાંધીનગરમાં વૃક્ષો જમીનદોસ્ત થવાના કીસ્સા વધુ બને છે. જયારે વરસાદી વાયરા વચ્ચે જોખમી વૃક્ષો નાગરિકોની સલામતી માટે પણ ખતરો બને છે.

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસાના પ્રારંભથી મેઘરાજા તોફાની મિજાજમાં જોવા મળે છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૬ ઈંચથી વધુ વરસાદ થયો છે. જયારે જિલ્લામાં પણ સો ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. એકબાજુ પર્યાપ્ત વરસાદના અંતે પણ ભાદરવામાં આકાશમાં સતત વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળે છે. રોજ સાંજ ઢળતા જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાય છે. જયારે ગાજવીજ સાથે વરસાદી ઝાપટુ ભીંજારો પ્રસરાવી



જાય છે. પરંતુ વરસાદ આક્રમક મિજાજમાં હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

## રિક્ષાચાલકોને આત્મનિર્ભર લાભ આપવા સરકારને હાઈકોર્ટેનો આદેશ

**હાઇકોર્ટ દ્વારા રાજ્ય સરકારની આ સહાય આપવાના સામાન્ય વ્યક્તિને લોન મળી રહે તે બાબતે એવું ધ્યાન રાખી નિયમ હળવા કરવા જણાવ્યું હતું**

અમદાવાદ,તા.૧૭

કોરોના મહામારીને કારણે અનેક લોકોના રોજગાર ધંધા ઠપ્પ જેવા થઈ ગયા છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે રાજ્યના રિક્ષા ચાલકો માટે મહત્વનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને રિક્ષા ડ્રાઈવરોની મદદ માટે પગલાં લેવા કહ્યું છે અને આત્મનિર્ભર યોજના હેઠળ રિક્ષા ચાલકોને લાભ મળે તે જરૂરી હોવાનું કહ્યું હતું. રાજ્યના રિક્ષા ડ્રાઈવરો માટે સરકાર તરફથી આર્થિક સહાય અંગે રિટ કરાઈ હતી. જેમાં હાઈકોર્ટે હકારાત્મક વલણ અપનાવી સરકારને આ અંગે કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન આત્મનિર્ભર સહાયના નામે એક લાખ રૂપિયા આપવાની યોજના બાબતની પણ ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારે હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકારની આ સહાય આપવાના નીતિ નિયમો હળવા કરવા અને સામાન્ય વ્યક્તિને લોન મળી રહે તે બાબતે એવું ધ્યાન રાખી નિયમ હળવા કરવા જણાવ્યું હતું. પરંતુ રાજ્ય સરકારે પણ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે, ગુજરાત રાજ્યના સાડા આઠ લાખ ઓટો રિક્ષા ચાલકોમાંથી આત્મનિર્ભર સહાય યોજનામાં ફક્ત ૮૨૦ ઓટોરિક્ષા ચાલકોને જ લોન આપવામાં આવી છે.

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ
20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com